# ભિલોડામાં મેડીકલ સ્ટોર્સ ઓન લાઈન દવાઓના વેચાણ વિરૂધ્ધ સજ્જડ બંધ રહ્યા

ભિલોડા,તા.૨૮

ભિલોડા તાલુકા મથક ખાતે મેડીકલ સ્ટોર્સ ઓન લાઈન




દવાઓના વેચાણ વિરૂધ્ધ સજ્જડ બંધ રહ્યા હતા. ભિલોડા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર એન.એમ.ચૌધરીને ભિલોડા કેમીસ્ટ મિત્ર મંડળ પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી,કેમિસ્ટો ધ્વારા આવેદનપત્ર આપી ન્યાયની માંગણી કરી હતી.દવાઓનું ઓન લાઈન વેચાણ બંધ કરવા સંદર્ભે વિશેષ ભાર મુંકાયો હતો.

ભારત દેશમાં ઓન લાઈન દવાઓનો વેપાર કરનાર કંપનીઓ, સાઈટ પર એલોપેથીક દવાઓમાં લોભામણી લાલચ આપવામાં આવતી હોવાથી દવાઓના બજાર સાથે સંકળાયેલા રીટેલ, હોલસેલના વેપારીઓના ધંધા-રોજગારને માઠી અસર પહોંચી છે. ઈ-ફાર્મસી પર સરકાર ધ્વારા પ્રતિબંધીત નશીલી દવાઓનું પણ બેફામ વેચાણ થઈ રહ્યું છે.યુવાધન બરબાદીના પંથે ધકેલાય રહ્યું હોવાની દહેશત પેદા થઈ છે. ઓલ ઈન્ડીયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશન ધ્વારા દવાઓના ઓન લાઈન વેચાણ પર પ્રતિબંધ મુંકવા વારંવાર રજુઆત કરવા છતાં કોઈ પરીણામ ન મળતાં ના છુટકે હડતાલનું શસ્ત્ર સમગ્ર ભારત દેશમાં ઉગમતાં એક દિવસીય હડતાલમાં મેડીકલના વેપારીઓ સ્વયંભુ જોડાયા હતા. હોલસેલ, રીટેલ દવાઓનો ધંધો-રોજગાર બંધ રાખી ઓન લાઈન દવાઓના વેચાણ સંદર્ભે વિરોધ નોંધાવ્યો હતો. ઓન લાઈન દવાઓના વેપારથી દવાઓના ધંધા સાથે સંકળાયેલા કેમિસ્ટોના ધંધાને માઠી અસર પહોંચતાં ઓન લાઈન દવાઓના વેચાણ પર પ્રતિબંધની માંગણી કરી યોગ્ય ન્યાય નહી મળે તો આગામી સમયમાં ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી કેમિસ્ટોએ ઉચ્ચારી હતી.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડાના કેમિસ્ટોએ જણાવ્યું હતું કે માતૃ સંસ્થા એ.આઈ. ઓ.સી.ડી. અને રાજ્ય કક્ષાની માતૃ સંસ્થા ફેડરેશન ધ્વારા લેવાયેલ નિર્ણયના અનુસંધાનમાં જીલ્લાભરના તમામ મેડીકલ સ્ટોર્સ એક દિવસ દરમ્યાન બંધ રહ્યા હતા. દરેક તાલુકા મથક દીઠ એક-એક મેડીકલ સ્ટોર્સ ચાલુ રહેતાં દર્દીઓએ હાશકારો અનુભવ્યો હતો.

### વિદ્યાર્થીઓને બસની સુવિધા ન મળતા

# વિદ્યાર્થીઓ સહિત વાલીઓ પણ રસ્તા પર ઉતરી આવ્યા

## પાવડાસણ ગામે ૮ જેટલી બસો રોકી હંગામો મચાવ્યો : થરાદ પોલીસ ઘટના સ્થળે દોડી આવી : ધાનેરા બસ સ્ટેન્ડમાંથી મંગળવારે નવી બસ ચાલુ કરવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો

પાવડાસણ ગામે વિદ્યાર્થીઓ સહિત વાલીઓ રસ્તા પર ઉતરી






આવ્યા હતા ધાનેરા થી થરાદ જતી તમામ બસોને રોકાવી ભરવા હંગામો મચાવ્યો હતો ત્યારે ૮ જેટલી બસ માં બેઠેલા મુસાફરો પણ અટવાયા હતા તો બીજી તરફ લોકો બસ ને નુકશાન પહોંચાડે તે પહેલાં થરાદ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મામલો થાળે પડવાની કોશિશ કરી હતી પરંતુ વિધાર્થીઓ ની માંગ હતી કે જ્યાં સુધી અમને બસ ની સુવિધા નહીં મળે ત્યાં સુધી અમે લોકો આવીજ રીતે વિરોધ કરતા રહીશું.ત્યારે ધાનેરા બસ સ્ટેન્ડ માંથી વિધાર્થીઓ ને ખાતરી આપવામાં આવી હતી કે મંગળવારે અમે નવી બસ ચાલુ કરશું ત્યારે મામલો થાળે પડ્યો હતો.

સરકાર દ્વારા શિક્ષણ પાછળ કરોડો રૂપિયા નો ખર્ચ કરવામાં આવી રહ્યો છે જેને લઈ તમામ બાળકો શિક્ષણ મેળવી શકે પરંતુ અપૂરતી સુવિધા ને લઈ સરકાર સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે તો બીજી તરફ સુવિધા ન મળતા વિધાર્થીઓ સહિત વાલીઓ રસ્તા પર ઉતરી વિરોધ દર્શાવી રહ્યા છે વાત છે બનાસકાંઠા જિલ્લા ના થરાદ તાલુકા ના પાવડાસણ.કે જ્યાંથી અંદાજે ૧૦૦ જેટલા બાળકોએ ભ્યાસ અર્થે ધાનેરા આવી રહ્યા છે અને તમામ બાળકો એ પાસ કઢાવી સરકાર ને ભાડા પેટે પૈસા પણ ચૂકવી દીધા છે છતાં પણ આ બાળકો ને બસ સુવિધાનો લાભ નથી મળતો ત્યારે વિધાર્થીઓ જણાવી રહ્યા છે ગામમાં માં કોઈ બસ નો ચાલક બસ જ નથી ઉભી રાખતો અને બસ પણ ટાઈમ સર આવતી નથી અને આવે ત્યારે બસ માં બેસવા માટે જગ્યા જ નથી મળતી...આ બાબજે વિધાર્થીઓ સહિત ગામ લોકો દવરા રજુઆત પણ કરવામાં આવી હતી પરંતુ કોઈ ઉકેલ ન આવતા આજે વિધાર્થીઓ સહિત વાલીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતાધાનેરા થી થરાદ જતી ૮ જેટલી બસો રોકાવી ભારે હંગામો મચાવતા વાતાવરણ તંગ બન્યું હતું અને ૮ જેટલી બસ માં બેઠેલા મુસાફરો પણ અટવાયા હતા ત્યારે મુસાફરો ગામલોકો સામસામે આવી જતા ભારે હોબાળો મચી જવા પામ્યો હતોસમગ્ર ઘટના બાબતે પોલીસ ને જાણ કરતા થરાદ પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને મામલો થાળે પાડવાની કોશિશ કરી હતી પરંતુ વિદ્યાર્થીઓ ની માંગ હતી કે જ્યાં સુધી અમને બસ ની સુવિધા નહિ મળે ત્યાં સુધી અમે આ જ રીતે રસ્તા રોકી વિરોધ કરતા રહીશું પરંતુ ધાનેરા બસ સ્ટેન્ડ માંથી વિદ્યાર્થીઓ ને ખાતરી આપવામાં આવી હતી કે મંગળવારે થી તમારા ગામા નવી બસ ચાલુ કરવામાં આવશે જેથી મામલો થાળે પડ્યો હતો અને બે કલાક બાદ રસ્તા ખુલ્લા કરી બસ ને જવા દીધી હતી ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર દવરા મંગળવારે નવી બસ ચાલુ કરવામાં આવે છે કે પછી ફરીથી વિદ્યાર્થીઓને રસ્તા પર ઉતરવાનો વારો આવે છે તેતો સમય જ બતાવશે.

### તલોદના મોટા ચેખલા ગામે છારાનગર પાસે

# આરસીસી રોડ પર માટી પાથરી દેતા ગ્રામજનો પટકાતા ફફડાટ

તલોદ, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકા મોટા ચેખલા ગામે મહિલા સરપંચ દ્વારા આપખુદ શાહીથી



વહીવટ ચલાવવામાં આવતો હોવાનો ગામના કેટલાક લોકોએ આક્ષેપ કરવાની સાથે મહિલા સરપંચના પતિ પણ ગ્રામ પંચાયતના વહીવટમાં માથું મારતા હોવાથી લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે ગ્રામપંચાયત દ્વારા છારાનગર વિસ્તારમાં ખેડૂતોના ખેતરમાં જવાના આરસીસી રોડ પર ચીકણી માટી નાખી દેતા રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને પ્રજાજનો પટકાતા ભારે ફફડાટ ફેલાયો છે.

મોટા ચેખલા ગ્રામ પંચાયત દ્વારા છારાનગર નજીક આરસીસી રોડ બનાવવામાં આવ્યો છે જેના પર સરપંચે અગમ્ય કારણોસર ચીકણી માટી નખાવી દેતા અને થોડા સમય પહેલા વરસાદ પડતા રોડ વધુ ચીકણો બનતા માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને પ્રજાજનો લપસી પડતા શરીરે ઈજાઓ પહોંચતા દવાખાને સારવાર લેવાની ફરજ પડતા ગ્રામજનો દ્વારા આરસીસી રોડ પરથી ચીકણી માટી હટાવાની માંગ કરાઈ રહી છે. આરસીસી રોડ પર નાખેલી માટી હટાવવા ગામના જાગૃત નાગરિકો દ્વારા તાલુકા વિકાસ અધિકારી રજુઆત કરતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી હતી. આરસીસી રોડ પર માટીની પાથરણું કરવાથી કાદવ-કીચડ અને ગંદકીના થર જામતા અને પાણીના ખાબોચિયા ભરાતા મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાનો ભય પેદા થતા ગામમાંથી ઠેર ઠેર રહેલી ગંદકી સત્વરે દૂર કરવાની માંગ કરી હતી.

## ભટેળા પ્રાથમિક શાળાની શિક્ષિકાને શ્રેષ્ઠ શિક્ષકાનો પારિતોષિક મેળવ્યો

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભટેળા ગામની ભટેળા પ્રાથમીક શાળાની શિક્ષીકાને શ્રેષ્ઠ શિક્ષકા તરીકે પારિતોષિક મેળવ્યો



હતો. ભટેળા પ્રાથમીક શાળા પરીવારમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભટેળા યુવક મંડળ ધ્વારા શિક્ષીકા ભારતીબેન એસ. પટેલનું સન્માન કરાયું હતું. ભટેળા પ્રાથમીક શાળાના શિક્ષીકાનું ભટેળા ગામના નવયુવાનોએ સન્માન કર્યું હતું. ભટેળા ગ્રામજનો, જુથ પરીવાર શિક્ષકો, એસ.એમ.સી.સભ્યો, આગેવાનોની ઉપસ્થિતીમાં સન્માનપત્રો, મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. ભટેળા યુવક મંડળ ધ્વારા ભટેળા પ્રાથમીક શાળામાં સામુહિક ભોજન સમારંભ યોજાયો હતો. ભટેળા પ્રાથમીક શાળા સહિત ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ઉત્તર ગુજરાતના ૩૫૦૦થી વધુ મેડિકલ સ્ટોર ઓનલાઈન દવા વેચાણ સામે સજ્જડ બંધ રહ્યા

## અરવલ્લી જિલ્લા કલેક્ટરને જિલ્લાના કેમિસ્ટોએ આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી

મોડાસા, તા. ૨૮

સમગ્ર દેશમાં ઓનલાઈન દવાઓનો વેપાર કરનાર કંપનીઓ



અને સાઈટ પર એલોપેથિક દવાઓમાં મસમોટું લોભામણી લાલચ આપવામાં આવતી હોવાથી દવા બજાર સાથે સંકળાયેલ રિટેલ અને હોલસેલ વેપારીઓના ધંધાને માઠી અસર પહોંચી છે. ઈ-ફાર્મસી પર સરકાર દ્વારા પ્રતિબંધી નશીલી દવાઓનું પણ બેફામ વેચાણ થતા યુવાધન બરબાદીની ગર્તામાં ધકેલાવાની દહેશત પેદા થતા અને ઈ-ફાર્મસી પર વેચાતી નશીલી દવાઓ પર મહદઅંશે કાબુ મેળવવામાં નિષ્ફળ રહેતા ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોશિએશન દ્વારા દવાના ઓનલાઈન વેચાણ પર પ્રતિબંધ લાદવા વારંવાર સરકાર રજુઆત કરવા છતાં કોઈ પરિણામ ન મળતા ન છૂટકે હડતાલનું શસ્ત્ર સમગ્ર દેશમાં ઉગમતા એક દિવસીય હડતાળમાં ઉત્તર ગુજરાતના ૩૫૦૦થી વધુ રિટેલ અને હોલસેલ વેપારીઓએ ધંધો બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કેમિસ્ટ એશો.ના પ્રમુખ દિપક પટેલ અને મોડાસા કેમિસ્ટ મિત્રમંડળ દ્વારા જીલ્લા કલેકટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપી ઓનલાઈન દવા વેચાણ બંધ કરવા રજુઆત કરી ન્યાયની માંગ કરી હતી.

ઓનલાઈન દવા બજારના વિરોધમાં ઉત્તરગુજરાત સહીત અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ૩૫૦૦થી વધુ કેમિસ્ટોએ સજ્જડ હડતાલ પાડી વિરોધ નોંધાવ્યો હતો. જીલ્લા કેમિસ્ટ એશો.એ પ્રમુખ દિપક પટેલ, મોડાસા કેમિસ્ટ એશો.ના પ્રમુખ સુરેશ શાહ અને મંત્રી દિનેશ સુથાર, હોદેદારો અને બાયડ કેમિસ્ટ એશો.ના હોદેદારો જીલ્લા સેવાસદન ખાતે અધી.




નિવાસી કલેકટર વલવીને આવેદનપત્ર આપી ઓનલાઈન દવાના વેપારથી પ્રજાજનોના સ્વાસ્થ્ય સામે ખતરો પેદા થવાની સાથે ઈ-ફાર્મસી પરથી મળતી નશીલી દવાઓના પગલે યુવાધન બરબાદીના પંથે ધકેલવાની દહેશત સાથે દવા બજાર સાથે સંકળાયેલા લાખ્ખો કેમિસ્ટોને ધંધાને માઠી અસર થતા જીવનનિર્વાહ ચલાવવામાં ભારે તકલીફનો સામનો કરવો પડવાની સાથે બેકાર બનવાનો ભય પેદા થતા ઓનલાઈન દવા વેચાણ પર પાબંધીની માંગ કરી યોગ્ય ન્યાય નહિ મળે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

# સિદ્ધાર્થનગરમાં મકાનનું ભાડુ લેવાની લાલચે દસ્તાવેજો સાથે ચેડા કરતા બે વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ સિદ્ધાર્થનગરમાં એક મકાન ભાડે લઈને તેના ખોટા દસ્તાવેજો બનાવી અન્ય જગ્યાએ રજુ કરી એકબીજાની મદદગારી કરતા તે અંગે છ વર્ષ બાદ ભાંડો ફૂટતા મૂળ મકાન માલિકે બુધવારે બે જણા વિરૂદ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે હિંમતનગરની સિવિલ હોસ્પિટલ સામે આવેલ દેવીપૂજક નગરમાં રહેતા રાજેશભાઈ મનસુખભાઈ ચૌધરી (દેવીપૂજક)એ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૧-૮-૦૮ થી ૧૩-૮-૨૦ના સમયગાળા દરમિયાન સિદ્ધાર્થનગરમાં આવેલ સર્વે નં. ૬૫૨માં આવેલ રહેણાંકનું મકાન ઉષાબેન બાલુભાઈ વાઘેલા તથા બાલુભાઈ ફતાભાઈ વાઘેલાએ ભાડે લઈ તેને કામધેનુ યુનિવર્સિટીને ક્લાસરૂમ શરૂ કરવા માટે ભાડે આપી દીધા હતા.

## ધનિયાવાડામાં બાબાસાહેબની પ્રતિમાને અસામાજિક તત્વો ખંડિત કરતા લોકોમાં રોષ

### જાતિવાદ ફેલાવનાર તત્વોને તાત્કાલિક ઝડપી પાડો

બનાસકાંઠા જિલ્લા ના ધનિયાવાડા ગામે કોઈ અસામાજિક તત્વો દ્વારા બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને ખંડિત કરતા ચકચાર મચી જવા પામી છે અને દલિત સમાજ સહિત લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા છે અને દલિતો માં પણ ભારે રોષ ની લાગણી જોવા મળી રહી છે તો બીજી તરફ ડીવાયએસપી સહિત નો પોલીસ કાફલો પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તાપસ નો ધમધમાટ શરૂ કર્યો છે.

કેટલાક અસામાજિક તત્વો સમાજ માં ભાગલા પાડવા માટે અવનવા કરતૂતો કરી રહ્યા છે અને જાતિવાદ ફેલાવાનું કામ કરી રહ્યા છે ત્યારે હવે તંત્ર ને જાગવાની જરૂરું છે અને આવા લોક સામે કડક માં કડક પગલાં ભરવા જોઈએ ગત રાત્રે ધનિયાવાડા ગામે આવેલી બાબા સાહેબ ની પ્રતિમા ને કોઈ અજાણ્યા ઈસમો તોડી નાખી હતી અને આ બાબત ની જાણ સવાર માં લોકો ને થતા લોકો માં ચકચાર મચી જવા પકમી હતી અને મોટી સંખ્યા માં લોકોએ ભેગા મળી પોલીસ ને જાણ કરતા થરાદ ડીવાયએસપી ની ટિમ સહિત નો પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તાપસ શરૂ કરી હતી..તો બીજી તરફ લોકો માં મંગ ઉઠવા પામી છે કે આ કૃત્ય કરનાર ને પોલીસ તાત્કાલિક ઝડપી પાડેપાંથાવાડા વિસ્તાર છેલ્લા કેટલાક સમય અસામાજિક તત્વો દવરા જાતિવાદ ફેલાવના કરતૂતો કરી રહ્યા છે લોકો માં વિખવાદ ઉભો કરવાનું કામ કરી રહ્યા થોડા સમય પહેલા બે પુરોહિત યુવકો દવરા એક વીડિયો બનાવમાં આવ્યો હતો જેમાં દલિત સમાજ વિશે ખરાબ બોલવામાં આવ્યું હતું.

### લવ જેહાદનો ચોંકાવનારો કિસ્સો

# વગદાની આંગણવાડી હેલ્પરને પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ ગુજાર્યુ હોવાની રાવ

#### પાલનપુરના શખ્સે ૬ લાખ રોકડા અને પંદર કિલો સોના-ચાંદીના દાગીના પણ પડાવી લીધા હોવાની રાવ

પાલનપુર તાલુકાના વગદા ગામે આંગણવાડી હેલ્પર સાથે લવ જેહાદની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં એક શખ્સે તેણીને પ્રેમજાળમાં ફસાવી સાતથી આઠ વખત દુષ્કર્મ આચરી ૬ લાખ રૂપિયાની રોકડ અને પંદર કિલો સોનાના દાગીના અને ચાર કિલો ચાંદીના દાગીના પડાવી લીધા હોવાનું બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

વગદા ગામે રહેતી એક પરિણિતા આંગણવાડી હેલ્પર તરીકે ફરજ બજાવે છે. જ્યાં ચાર વર્ષ અગાઉ તેણીની ફોઈ સાસુની દીકરી કે જેણે પાલનપુરના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા છે. તે એક પ્રસંગમાં વગદા આવી હતી. જેની સાથે આ પરિણિતા પાલનપુર આવવા નીકળી હતી. ત્યારે પાલનપુર મફતપુરા વિસ્તારમાં રહેતો અને બસસ્ટેન્ડ નજીક ઓટો કન્સલ્ટની ઓફિસ્ ધરાવતો મકસુદભાઈ કે. ગાયકવાડ લાલાવાડા પેટ્રોલપંપ નજીક સ્વિફટ ગાડી લઈને ઉભો હતો. જ્યાં યુવતીએ આ શખ્સ તેણીનો મિત્ર હોવાનું જણાવી ગાડીમાં બેસવાનું કહેતા આંગણવાડી હેલ્પર કારમાં બેસી ગઈ હતી. અને પાલનપુર આવી હતી.

જે દરમિયાન મકસુદ ગાયકવાડે સારી સારી વાતો કરી એક બીજાના મોબાઈલ ફોન નંબર આપ્યા હતા. જેના ઉપર વાતચિત કરી આ શખ્સે તેણીને પ્રેમજાળમાં ફસાવી હતી. અને વિશ્વાસમાં લઈ જુદાજુદા સમયે રૂપિયા છ લાખ રોકડા, પંદર કિલો સોનાના દાગીના અને ચાર કિલો ચાંદીના દાગીના પડાવી લીધા હતા. આ ઉપરાંત આઠથી દસ વખત દુષ્કર્મ આચર્યુ હતું.

દરમિયાન પરિણિતાની દીકરીના લગ્ન લેવાના હોવાથી તેણીએ રૂપિયા તેમજ દાગીના પરત માંગતા મકસુદ ગાયકવાડે તેણીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આથી તેણીએ આ અંગે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે મકસુદ તેમજ પરિણિતાની ફોઈની દીકરી સામે ગૂનો નોંધી મકસુદની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં જન્મ દિનની ઉજવણી કરાઈ**

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામમાં આવેલ શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં જન્મદિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. સરડોઈ ગામના યશોધરાકુંવર રાજપાલસિંહ રહેવરના પૌત્રીની પ્રથમ જન્મદિન નિમિત્તે શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં વિદ્યાર્થીઓ, ઋષિકુમારોને બ્રહ્મભોજન કરાવ્યું હતું. પૌત્રીના જન્મદિન નિમિત્તે કેક કાપી વિદ્યાર્થીઓ, ઋષિકુમારોએ વૈદિક મંત્રોચ્ચાર કરી આશીર્વાદ પાઠવ્યા હતા. પુરાતન અને અર્વાચીન પધ્ધતિથી જન્મદિનની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ટ્રસ્ટી અગ્નીહોત્રી આત્રેયકુમારજી વ્યાસ, શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળા આચાર્ય, અધ્યાપકગણે મંગલકામનાઓ પાઠવી હતી. જન્મદિનની આનંદ, ઉત્સાહભેર ઉજવણી યોજાઈ હતી.